ક્રમાંક- પ્રાશનિ/ખ.૨/માન્યતા/૨૦૨૧-૨૨/૫/૨૦૧ (૨૮૦)

પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી
બ્લોક નં. ૧૨/૧લો જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર તા. ૨૮/૧૨/૨૦૨૦

પ્રતિ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણ સમિતિ (તમામ)
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)

**વિષય:-** શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ ના શરૂ થતાં નવા સત્રથી બિન અનુદાનિત (નોન ગ્રાન્ટેડ) ખાનગી પ્રાથમિક શાળાની મંજૂરી બાબત.

**સંદર્ભ-** આ કચેરીના પત્ર ક્રમાંક- પ્રાશિનિ/ખ.૨/માન્યતા/૨૦૨૧-૨૨/૯૭૦-૯૧૩૮ તા.૨૮/૧૨/૨૦૨૦

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજયમાં આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ એટલે કે જૂન ૨૦૨૧ થી શરૂ થતાં શૈક્ષણિક વર્ષમાં નવી નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓની/માન્ય નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓમાં વર્ગ વધારો/ક્રમિક વર્ગ વધારાની માન્યતા માટે વેબપોર્ટલ સાઈટ http://newschool.orpgujarat.com ઉપરથી Online અરજી કરવાની જાહેરાત સંદર્ભદર્શિત પત્રથી આપેલ છે. તેની નકલ આપને ઇ-મેઇલ થી મોકલી આપેલ છે. જે તા.૨૯/૧૨/૨૦૨૦ ના ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કરના દૈનિક પેપરમાં પ્રસિધ્ધ થયેલ છે. અરજી કરવાની સમય મર્યાદા તા. ૨૯/૧૨/૨૦૨૦ થી તા.૧૬/૦૧/૨૦૨૧ સુધીની છે. તમામ આધાર સાથે અરજી સ્વીકરવાની સમયમર્યાદા તા. ૨૯/૧૨/૨૦૨૦ થી તા. ૨૦/૦૧/૨૦૨૧ સુધીની છે.

ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૪૭, મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો- ૧૯૪૯ના નિયમ- ૧૦૬ તથા ગુજરાત RTE રૂલ્સ ૨૦૧૨ ના નિયમ- ૧૩ ની જોગવાઇ મુજબ રાજયમાં એકસૂત્રતા જળવાઇ રહે તે માટે માન્યતાની અરજીઓની ચકાસણી માટેનું ચેકલિસ્ટ આ સાથે સામેલ કરેલ છે. ચેકલિસ્ટ મુજબ અરજીઓ ચકાસણી કરાવવાની રહેશે. શાળાનું મકાન અને રમત-ગમતનું મેદાન સંસ્થાની માલિકીનું હોવા અંગેના આધાર અથવા શાળાનું મકાન અને રમતગમતનું મેદાન ઓછામાં ઓછું ૧૫ વર્ષની રજિસ્ટર્ડ લીઝ પર હોવા અંગેના આધારોની વિગતો શિક્ષણ વિભાગના તા. ૨૦/૧૨/૨૦૧૯ ના જાહેરનામા મુજબ ચકાસવાના રહેશે. તેમજ આ વર્ષે ઓનલાઇન એપ્લીકેશનની સાથે સરકારશ્રીએ નવી ખાનગી પ્રાથમિક શાળા, ક્રમિક વર્ગ વધારો કે વર્ગ વધારા માટે નિયત કરેલ પ્રોસેસીંગ ફીની રકમ સાયબર ટ્રેઝરી મારફત ઓનલાઇન નેટ બેન્કીંગથી જમા કરાવવાની છે. જેથી સંબંધિત સંસ્થાની ફી અંગેની ટ્રાન્ઝેકશન રીસીપ્ટની ચકાસણી કરવાની રહેશે.

નવી નોન ગ્રાન્ટેડ ખાનગી પ્રાથમિક શાળાઓની માન્યતા આપવા અથવા નકારવા માટેનો નિર્ણય, સામેલ ચેકલિસ્ટ અને સ્થળ મુલાકાતને આધારે તપાસ અધિકારીના સ્પષ્ટ અભિપ્રાયને ધ્યાને લઇ આપવાનો રહેશે.

જો માન્યતા માટેની શરતો પૂર્ણ થતી હોય તો તે મુજબનો અભિપ્રાય સ્પષ્ટ રૂપે આપવાનો રહેશે. જો શાળા ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ – ૧૯૪૭, મુંબઇ પ્રાથમિક શિક્ષણ નિયમો – ૧૯૪૯, આર.ટી.ઇ. એક્ટ- ૨૦૦૯, આર.ટી.ઇ. રુલ્સ - ૨૦૧૨ મુજબના માપદંડ પૂર્ણ ના કરતી હોય તો, કઇ કઇ બાબતોમાં અધૂરાશ અથવા અપૂર્તતા છે તેની યાદી તપાસ અધિકારીએ તૈયાર કરીને આપવાની રહેશે.

ચેકલિસ્ટમાં દર્શાવેલ તમામ વિગતો તપાસ અધિકારી પાસેથી તમને મળ્યા પછી ઇન્ડેક્ષ- બી દ્વારા ફાળવેલ તમારા પાસવર્ડનો ઉપયોગ કરી અપલોડ કરવાના રહેશે.

તપાસ અધિકારીના અભિપ્રાયને ધ્યાને લઇ સક્ષમ અધિકારીએ જો માન્યતા આપવા પાત્ર હોય તો માન્યતા આપવાનો હુકમ તપાસ અધિકારીના રિપોર્ટ મળ્યેથી મોડામાં મોડું તા. ૩૦/૦૧/૨૦૨૧ સુધીમાં ઓનલાઇન કરવાનો રહેશે. અને જો શાળાને માન્યતા આપવા પાત્ર ન હોય તો નામંજૂરીના વિગતવાર કારણોની યાદી સાથેનો વિગતવાર હુકમ (Speaking Order) પણ મોડામાં મોડું તા. ૩૦/૦૧/૨૦૨૧ સુધીમાં ઓનલાઇન કરવાનો રહેશે. દા.ત. કેટલા કિસ્સાઓમાં આ કચેરીના ધ્યાન પર આવેલ છે કે, "RTE Act- ૨૦૦૯ ની જોગવાઇઓનુ પાલન ન થતું હોવાથી માન્યતા આપવામાં આવતી નથી. અથવા શાળા દ્વારા પૂરતા આધારો આપવામાં આવેલ નથી" આવા અસ્પષ્ટ આદેશોને બદલે સ્પષ્ટ કારણો સાથે એટલે કે RTE Act/રૂલ્સની

તથા અન્ય કઇ કઇ બાબતોની અપૂર્તતા છે તેની યાદી સાથેનો હુકમ કરવાનો રહેશે. મંજુરી/ ના-મંજુરીના હુકમની ઓનલાઇન ડેટા એન્ટ્રી, જાવક નંબર અને તારીખ સાથે વેબપોર્ટલ પર કરવાની રહેશે. માન્યતાનું પ્રમાણપત્ર જિ.શિ.અ. / જિ.પ્રા.શિ.અ. ઓનલાઇન પ્રિન્ટ કાઢી શકે તેવી વ્યવસ્થા પોર્ટલ પર કરવામાં આવેલ છે. આથી મંજુરી/ના-મંજુરીના હુકમ અને માન્યતા પ્રમાણપત્ર પર જિ.શિ.અ. / જિ.પ્રા.શિ. દ્વારા ઓનલાઇન કરવાના રહેશે.

સક્ષમ અધિકારીના હુકમથી નારાજ થવાના પ્રસંગે સંસ્થા RTE રૂલ્સ- ૨૦૧૨ ના નિયમ ૧૩ (૮) ની જોગવાઇ મુજબ "પ્રાથમિક શિક્ષણ નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, બ્લોક નં. ૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય ગાંધીનગર" ને નામંજુરીના હુકમની તારીખથી ૩૦ દિવસમાં વેબપોર્ટલ સાઇટ http://newschool.orpgujarat.com ઓનલાઇન અપીલ કરી શકશે. ઓનલાઇન અપીલ કરવાની દરખાસ્તમાં તમામ સાધનિક આધારો (અરજી સાથે જોડેલ હોય તે તમામ) સાથે તથા અપીલ સંદર્ભે જે આધાર-પુરાવા રજુ કરવા માંગતા હોય તે તમામ સાથે અપીલ કરવાની રહેશે. તેવો સ્પષ્ટ ઉલ્લેખ માન્યતા નકારવા અંગેના હુકમમાં કરવાનો રહેશે. જિલ્લા કક્ષાએ નિયત રજિસ્ટર નિભાવવાનું રહેશે.

આપના દ્વારા નકારવામાં આવેલ દરખાસ્તો ઉપરની આ કચેરીને મળેલ અપીલો ઉપરની સુનાવણીની કાર્યવાહી માર્ચ- ૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાની હોઇ, આપને મળેલ તમામ દરખાસ્તો ઉપર માન્યતા અંગેનો જરૂરી નિર્ણયો લઇ હુકમો કરવાની કાર્યવાહી મોડામાં મોડા તા. ૩૦/૦૧/૨૦૨૧ સુધીમાં કે પહેલાં થઇ જાય તેવી વ્યવસ્થા કરશો.

આર.ટી.ઇ. પ્રવેશને ધ્યાને લઇ ધોરણ- ૧ થી ૫ ની શાળાઓ શરૂ કરવાની દરખાસ્તોને ટોચ અગ્રતા આપી તાત્કાલિક નિર્ણય ઓનલાઇન કરવાના રહેશે. ત્યારબાદ સમયમર્યાદામાં જ ધોરણ- ૬ થી ૮ ની અરજીઓ અંગે નિર્ણયો ઓનલાઇન કરવાના રહેશે.

પરિપત્રમાં જણાવેલ સૂચનાઓ તથા ચેક લીસ્ટની શરતોનું પાલન થતુ ન હોય તો અરજી મંજૂર કરી શકાશે નહિ. તેમ છતાં જો અરજી મંજૂર કરવામાં આવશે તો સંબંધિત અધિકારી સામે નિયામાનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

(ડૉ. એમ.આઇ. જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા. ગાંધીનગર

બિડાણ:-

(૧) સંદર્ભ દર્શિત પત્ર (૨) જાહેરાતની નકલ (૩) ફોર્મ ભરતાં ધ્યાનમાં લેવાની સૂચનાઓ (૪) ચેકલિસ્ટ

શીડયુલ

| ક્રમ | વિગત | કયાં સુધીમાં કાર્યવાહી પૂર્ણ કરવાની છે |
|---|---|---|
| ૧ | ઓનલાઇન અરજી કરવાનો સમયગાળો | તા. ૨૯/૧૨/૨૦૨૦ થી તા.૧૬/૦૧/૨૦૨૧ |
| ૨ | અરજી સ્વીકારવાનો સમયગાળો | તા. ૨૯/૧૨/૨૦૨૦ થી તા. ૨૦/૦૧/૨૦૨૧ |
| 3 | ટીમો દ્વારા ચકાસણી કાર્યવાહી પૂર્ણ કરવી | અરજી મળેથી મોડામાં મોડા તા.૨૬/૦૧/૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવી |
| ૪ | માન્યતા અંગે નિર્ણય લઇ હુકમો કરવાની છેલ્લી તારીખ | તા. ૩૦/૦૧/૨૦૨૧ |
| ૫ | અપીલની છેલ્લી તારીખ/ (હુકમની તારીખથી ૩૦ દિવસમાં) | હુકમની તારીખથી ૩૦ દિવસમાં |
| ૬ | અપીલની સુનાવણી | માર્ચ- ૨૦૨૧ અંતિત |

નોંધ – જેમ જેમ દરખાસ્તો મળે તેમ તેમ તેની ચકાસણી પૂર્ણ કરાવી લેવી. દરખાસ્તોની ચકાસણી જેમ જેમ થતી જાય તેમ તેમ દરખાસ્તો અંગે નિર્ણય ઝડપથી લેવાનો રહેશે. ધોરણ ૧ થી ૫ ની શાળાઓની દરખાસ્તોને ટોચઅગ્રતા આપી તાત્કાલિક નિર્ણય કરવાનો રહેશે.

ક્ર. નં./પ્રાથમિક/૨૦૨૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
જિલ્લા સેવા સદન-૨, બ્લોક
ત્રીજો માળ, અઠવાલાઇન્સ, સુરત
તા.: 29/12/2020

પ્રતિ,
પ્રમુખશ્રી /મંત્રીશ્રી,
સુરત શહેરી વિસ્તારની બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓ તરફ
જાણ તથા કાર્યવાહી સારૂ.

District Education Officer
Surat, Dist.-Surat
29-12-20